સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

છે યોગની ચર્ચા વિશ્વમાં, ચર્ચા ને વાલા ચાહિએ,
બચાવે છે રોગથી યોગ, રચાને વાલા ચાહિએ,
ઉઠ-બેસ, ઉંઘા-ચત્તા થાય છે લોકો આંખ મીંચી
નાચે જગત, 'નમો' જૈસા નચાને વાલા ચાહિએ..
(ભારતના સૂચનથી - વિશ્વ યોગ દિવસ)

હાઈકુ

બ્રહ્મચારી, ને
છે યોગી, માઇ-ભક્ત -
નમો નમહ

આખા વિશ્વમાં
આપણી સંસ્કૃતિનો -
વગાડ્યો ડંકો

(વડાપ્રધાનશ્રી ને અભિનંદન)

ચિંતન

ક્રૂપોદકં વટા છાયાયાં શ્યામા સ્ત્રી ચેષ્ટા કાલઘમ ।
શીત કાલે ભેવદુષ્ણ, ગ્રીષ્મકાલે ચ શીતલં ॥

'કુવાનું પાણી, વડાલની છાયા, તરૂણ રમણીય સ્ત્રી અને ઇંટ-પથ્થરથી બનાવેલું પાકું ઘર - આ ચારે બાબતો એવી છે જે શિયાળાની ઠંડીમાં હૂંફ આપે છે અને ઉનાળાની ગરમીમાં શીતળતા - ટાઢક આપે છે.'

કુવાનું પાણી ધરતીના પેટાળમાંથી આવતું હોઇ ઉનાળામાં ઠંડુ લાગે છે અને શિયાળામાં હૂંફાળું લાગે છે.

વડલાની છાયા-ઉનાળાના તાપમાં ઠંડક આપે છે અને શિયાળામાં હૂંફ આપે છે.

પત્ની-સ્ત્રીનું હૂંફાળું વાત્સલ્ય-પ્રેમ સુખ-દુખમાં રાહત આપે છે.

પાકું બનાવેલું ઘર પણ શિયાળા ચોમાસાં અને ઉનાળામાં આશીર્વાદ સમાન બને છે.

આમ વ્યવહારિક ઉપયોગી બાબતોની અત્રે ચર્ચા કરવામાં આવી છે.

સુવિચાર

- કુદરતનો નિયમ જાણી લેવા જેવો છે કે જીંદગીમાં જેટલી મોટી અપેક્ષા તો આઘાત પણ એટલો જ મોટો હોય છે - એસ. ભટ્ટાચાર્ય
- ભીતરમાં જ આવેલું નિર્મલ માનસરોવર આમ જુઓ તો સાવ સુલભ છે, પરંતુ જે લોકો મૃગજળ પાછળ ગાડાં થયા છે એમના માટે એ દુર્લભ છે અને એવા લોકોને માટે ચોર્યાશી લાખ જન્મોનાં ચક્કર ઉભાં જ છે - ધર્મસૂત્ર
- મનમાં ભીંતરને ભીંતર દાટીને દાબીને જે વાત રહી જાય તે અંતે ગંધાઇ જાય છે, ઝેરી થઇ જાય છે અને આપણા આનંદનો જ ભોગ લે છે - રજનીશ
- ક્ષણભંગુર સ્વયમ્ છે, તેમાં ક્યાંથી શાશ્વત મળશે? ક્યાં લગી સપના જોઇ જોઇ, તું પોતાને છેતરશે? નહિ રાખે પરપોટો પકડી, કોઇ ત્રિવેણી સંગમ.. પરપોટામાં સુખનાં તું, ભંડાર શોધતો કાયમ.. - રાજેશ વ્યાસ
- તમે જેવા છો તેવા જ તમને કોઇ સ્વીકારે એ સાચો પ્રેમ છે - હૃદયસૂત્ર
- ખુલ્લા આકાશને કોઇ પોતાની જીદ ખાતર પોતાની તિજોરીમાં ભરવા મથે એ કેવી હાસ્યાસ્પદ વાત લાગે છે. બંધનો અને શરતોમાં થતો પ્રેમ એ પ્રેમ નથી હોતો - ડો. ચંદ્રકાન્ત મહેતા
- દુઃખ એ અણગમતી જેલ જેવું છે અને સુખ એ ગમતી જેલ જેવું છે - પૂજ્ય મોટા

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

આજે પ્રોફેસર, શિક્ષક, ડોકટર એવું કહેતા હોય છે અમે અનુભવી વીસ-ત્રીસ વર્ષથી આ ક્ષેત્રમાં કામ કરીએ છીએ. પરંતુ વર્ષો જૂની શરુઆતમાં તૈયાર કરેલ નોંધોથી ચાલીસ વર્ષ કામ ચાલે - એ એક વર્ષનો જ અનુભવ કહેવાય. આજે મેડિકલ સાયન્સ વિશે દરરોજ નવી ક્ષિતિજો ખૂલે છે. જમાનાની સાથે - નવાં સંશોધનો સાથે 'સજ્જ' રહેવું આજના યુગમાં જરુરી છે.

બે કઠિયારા મિત્રો હતા. લાકડાં કાપી ગુજરાન ચલાવે. એક યુવાન સવારે સવારે વહેલો જઇ છેક સાંજે પાછો આવે ત્યારે માંડ એક 'ભારી' તૈયાર થાય.

... ત્યારે બીજો બપોર પછી જંગલમાં જાય અને સાંજે પહેલાં કરતાં મોટી 'ભારી' લઇ પાછો આવે.

એને સમજ ન પડી આવું કેમ થાય છે હું સવારથી મહેનત કરું છું છતાં આનાથી ઓછાં લાકડાં કેમ કપાય છે?

આખરે સંકોચ સાથે બીજાને પોતાની મુંઝવણ કહી, આવું કેમ થાય છે?

બીજો કઠિયારો કહે મિત્ર મહેનત કરતા પહેલાં પોતાનું સાધન સજ્જ રાખવું જોઇએ. જો કુહાડો ધારદાર હોય તો લાકડાં જલદી કપાય! હું સવારે સાધન ઘસવામાં - ધાર કાઢવામાં વધારે સમય આપું છું...

Email - sureshchandrabhatt18@gmail.com

યોગનો અર્થ છે, 'જે જોડે છે તે'

આંતરરાષ્ટ્રીય યોગ - વિશેષ

- રંજન વૈદ્ય

યોગ દિન નિમિત્તે ભારતીય યોગને વૈશ્વિક સ્તરે પ્રસ્તુક કરવા થનગની રહેલા સૌને ખૂબ અભિનંદન અને શુભેચ્છા :

આ દિવસે યોગને સાચા અર્થમાં મૂલવવો પણ સાર્થક લેખાશે. યોગનો અર્થ છે, 'જે જોડે છે તે.'

(યુગ્મતે ઇતિ યોગઃ)

પ્રશ્ન એ થશે કે, કોની સાથે જોડાવાનું છે અને કેવી રીતે? આપણા મહાન દેશની ઋષિ શૃંખલાએ ગજબનું ચિંતન-મનન અને એને અનુરુપ જીવનની અદ્‌ભૂત પ્રણાલી આપી, જેનાથી અંદર અને બહાર વ્યાપ્ત ચેનતા સાથે જોડાણ થઇ શકે. યોગાસનો, પ્રાણાયામ અને સૂર્ય નમસ્કાર તો હઠયોગ અને પતંજલિના અષ્ટાંગ યોગના પ્રથમ ચરણો છે. વાદ્‌વિવાદ અને આપેક્ષોમાં ભારતીય યોગમાં રહેતા અમૃત તત્વોની અને તેને પ્રાપ્ત કરી ચૂકેલાં પ્રજ્જવલિત દૃષ્ટાંતોની ઉપેક્ષા તથી લાગે છે. આ જોડાણ કે Connectivity માટે માનવજાતે કરેલા પુરુષાર્થની માંડીને વાત કરવી છે.

પહેલાં આપણે વીસમી સદીના મધ્યથી આજ સુધીની યાત્રા જોઇએ, જે પદાર્થ, ઉર્જા અને ચેતનાની ત્રૈતમાંથી પહેલાં બે સોપાનો સુધીની યાત્રા પૂર્ણ કરી છે અને અંતમાં, ચેતના સુધીની યાત્રા આપણે સાથે મળીને કરીએ, એવો અભિગમ છે.

● ઉર્જા યોગ

ત્રીજી સહસ્ત્રાબ્દિમાં પ્રવેશ્યા હોવાથી આપણે ઇતિહાસને ખૂબ સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ. છેલ્લા પાંચસોથી પણ વધુ વર્ષોથી આપણા પર અંકુશ જમાવી રહેલા તત્ત્વો સામે ક્રાંતિકારી પ્રતિક્રિયાઓને કારણે આપણે મુક્ત થઇ રહ્યાં છીએ. ભલે ઇશ્વર વિશેની સુનિશ્ચિતતા આપણે ગુમાવી રહ્યા હોઇ છતાંય જ્ઞાન દ્વારા જીવન અને બ્રહ્માંડની કઠિન વાસ્તવિકતાઓનો સામનો કરી શક્યા છીએ. પૃથ્વી પર પ્રાપ્ત બધાં જ સંસાધનોને શોધી, આપણે જીવનને વધુ સુરક્ષિત કરી શક્યા છીએ.

વીસમી સદીની મધ્યમાં સુરક્ષિત જીવનની ભ્રમણાને દૃઢ કરવા માટે, આપણે ચમત્કારિક કહી શકાય એવા બધાં વિચારોને તિલાંજલી આપી અને વિજ્ઞાન તથા ટેકનોલોજીની દુનિયાથી અત્યંત સુરક્ષિત હોવાનો અહેસાસ મેળવ્યો. ઇ.સ. ૧૯૫૦માં તો ભૌતિક વિજ્ઞાને, બ્રહ્માંડ ને પદાર્થમય જોવાનો પોતાનો વિચાર ફેરવી તોળ્યો અને 'આખુંય વિશ્વ ઉર્જાની અંદરોઅંદર વણાયેલ જાળ છે જેમાં, સમય ઝડપી કે ધીમે થઇ શકે છે અને એક જ પ્રાથમિક કણ એક સાથે બે જગ્યાએ દેખાઇ શકે છે.' એમ જાહેર કર્યું.

ઉર્જા, સમય અને અવકાશની ગૂંથણીની મદદથી વિનાશક શસ્ત્રો બનાવવામાં આવ્યા; પ્રદૂષણે પ્રજાતિના જીવનને બરબાદ કર્યું અને જે ઉર્જાના યોગથી પ્રગતિની આશા હતી ત્યાં વિધ્વંશના દર્શન થયા.

● પણ શું આજ માનવીનું ભાવિ છે?

ઇ.સ. ૧૯૬૦ સુધી તો કોઇ આશા દેખાઇ નહીં કારણ કે ભૌતિક સલામતીએ, પ્રદૂષણ, યુદ્ધ, સ્ત્રી-પુરુષ અને જાતિ તથા રંગભેદના અસમાન ધોરણો, આદર્શ અને સમાજને બદલવા માગતા વર્ગો વચ્ચેનું ઘર્ષણ ખાસ કરીને, પશ્ચિમના જગતને ભરખી જવાની તૈયારીમાં હતું.

પણ ઇ.સ. ૧૯૭૦ના દાયકામાં, માનવીય માનસ શાસ્ત્ર શારીરિક રોગો પણ માનસિક તણાવ અને વલણોની અસરને કારણએ, પૂર્વના ધર્મ અને વિચારને પશ્ચિમમાં પ્રવેશવાનો મોકો મળ્યો, યોગ, માર્શલ આર્ટ તથા ધ્યાન પૂર્વ પ્રતિષ્ઠા પામ્યા. માત્ર ટેક્નોલોજી અને આર્થિક દૃષ્ટિબિંદુથી જીવાતા જીવન માટે, અનુભૂતિના વિશાળ ક્ષેત્રના તથા દુઃખ અને યાતનાને બદલી, પ્રેમ અને કરૂણાના સાક્ષાત્કાર માટેના દ્વાર ખુલી ગયા. માનવજાતે હવે જાણ્યું છે કે, બધાં જ ભાવાતિત, વિશ્વાસિત અનુભવ એટલે કે, દિવ્યની સાથેનાં આંતર્જોડાણ માટે તલસી રહ્યાં હતા.

આ જાગૃતિના કારણે ઇ.સ. ૧૯૮૦ના દાયકા પછી, નવા યુગની ચળવળના નામે આપણે આધ્યાત્મિક જોડાણ માટે સજ્જ થઇ ગયા.

પથ્થરને જેમ જેમ તોડતાં ગયા તેમ અંતિમ અણુનો વિસ્ફોટ થયો અને ઉર્જા બચી ગઇ. હવે ઉર્જા અને પદાર્થનો દ્વૈત સમાપ્ત થઇ ગયો અને સમજાયું કે, પદાર્થ જેવી કોઇ ચીજ નથી.

હવે એક ભેદ રહ્યો છે, ઉર્જા અને ચેતનાનો. ઉર્જાને ગહનતાથી શોધવાની, પદાર્થની માફક ઉર્જા પણ ઓગળી જશે અને માત્ર ચેતના રહેશે.

● એ ચેતના સાથેનું જોડાણ તે જ યોગ છે.

આ ચેતનાને કોઇ મિટાવી નહીં શકે આથી તે સ્વયંભૂ છે, અમૃત છે, તેના દ્વારા માણસ જીવતો હોય તેવી અનુભૂતિ થાય છે.

આમ આ ભીતર રહેલા આત્મતત્ત્વ સાથે જોડાવા માટે અનેક દૃષ્ટાઓએ પોતાના જીવનને વિરાટ યજ્ઞ બનાવી, 'સ્વ'ની આહૂતિ આપી. જે ક્રમશઃ જાણીશું.

યોગ દિન

વિશ્વ આજે ઉજવી રહ્યો છે યોગનો;
જાગ્યા જીવનમાં તો થશે સામનો રોગનો,
છોડો, બહુ ગતાગમ ના પડે તો ચિંતા નહીં;
'યોગ' ને ઉલ્ટાવો, 'ગયો' દૂષણ રોગનો!

- જગદીશ ગોર 'શરમાળ'

॥ પ્રાણ સે પ્યારા પ્રાણાયામ ॥

(રાગ : રઘુપતિ રાઘવરાજા રામ...)

પ્રાણ સે પ્યારા પ્રાણાયામ, સારા જીવન હો કામયાબ...
કરો યોગ સબ સાંજ સવાર, રહેગા જીવન સદાબહાર...
પ્રાણ સે પ્યારા...
- યોગમ શરણં ગચ્છામિ (૨)
મનમેં શાંતિ, તનમેં શાંતિ, ખુશીયાં હોગી અપાર...
કરેલા યોગ, ભાગેલા રોગ, હોગા જીવન આસાન...
પ્રાણ સે પ્યારા...
- યોગમ શરણં ગચ્છામિ (૨)
મહર્ષિ પતાંજલિ કી, દિવ્ય જડીબુટ્ટી...
ભરદેગી તન મનમેં સુખકી વૃષ્ટિ...
પ્રાણ સે પ્યારા પ્રાણાયામ
- યોગમ શરણં ગચ્છામિ (૨)
પ્રાચીન વિદ્યા, દિવ્ય શક્તિ, રોગ મુક્તિ કી અચ્છી વિદ્યા...
જીવન પથ પર સચ્ચી દિશા, બતલાયેલી સત્ય નિષ્ઠા...
પ્રાણ સે પ્યારા...
- યોગમ શરણં ગચ્છામિ (૨)
વીર શિવાજી, ભગત, લક્ષ્મીબાઇ, સપૂત પૈદા હોંગે ભાઇ...
સબકા યહ નારા હોગા, યોગ સે ભરા ભારત હોગા...
પ્રાણ સે પ્યારા...
- યોગમ શરણં ગચ્છામિ (૨)
વેદ પુરાણ, ગીતા કી દંષ્ટિ, યોગ સે સુખી સારી સૃષ્ટિ...
જન જન મેં હોગી સમદંષ્ટિ, બરસેગી પ્રેમ કી વૃષ્ટિ...
પ્રાણ સે પ્યારા...
- યોગમ શરણં ગચ્છામિ (૨)
જગ મેં હોગી શાંતિ કી ક્રાન્તિ, મીટાયેગી સબ મનકી ભ્રાંતિ...
વિષય-વિકાર મીટાયેગા, નિર્મળ તન મન પાયેગા...
પ્રાણ સે પ્યારા...
- યોગમ શરણં ગચ્છામિ (૨)
હમ સબકા હો એક હી નારા, યોગ સે હોગા જીવન પ્યારા...
આઓ હમ મીલકર સંકલ્પ કરેં, યોગ સે જગ કો સમૃદ્ધ કરેં...
પ્રાણ સે પ્યારા...
- યોગમ શરણં ગચ્છામિ (૨)

રચના : રમણલાલ એમ. શ્રીમાળી

પિતા પ્રત્યેનાં પ્રેમ, લાગણી, આદર અને આત્મીયતા પ્રગટ થતાં કુટુંબનાં સર્વ સભ્યો માટે આ એક ભવ્ય અને મહત્ત્વપૂર્ણ દિન બની જાય છે

ફાધર ડે (પિતૃ દિન)

- જય ગજ્જર

માને સર્વોચ્ચ ગણનાર કોઇએ કહ્યું, 'બાપા એટલે બાનો ચોથો ભાગ!' એ શબ્દો બાપાને ઉતારી પાડવા નથી વપરાતા, પણ બાનો ચોથા ભાગનો પ્રેમ બાપા પાસેથી મળી રહેતો હોય છે એ કહેવા કોઇએ કહ્યું હોય! વાસ્તવમાં એક રીતે જોઇએ તો એમાં કંઇક સત્ય છે. બાળક માની કૂખે કે ખોળામાં જેટલા કલાક ગાળે છે એના ચોથા ભાગનો સમય બાપા પાસે નથી ગુજારતો કારણ કે બાપા માટે એક મોટી જવાબદારી છે. કુટુંબના પોષણ માટે એણે કમાવાનું છે. ઘરનો રથ ચલાવવા એણે મહેનત કરવાની છે એટલે રોજ આઠ કલાક બહાર રહેવાનું છે પણ એથી એનો પ્રેમ ઓછો નથી થતો.

આપણા ગુજરાતી સમાજમાં અને સાહિત્યમાં મા, બહેન અને ભાઇ વિષે ઘણું બધું લખાયું છે, કહેવાયું છે. કવિઓએ મુક્તકંઠે એમનાં ગુણગાન ગાયાં છે. પણ પિતા વિશે બહુ ઓછું લખાયું છે. એનો અર્થ એવો નથી કે પિતાનું મૂલ્ય આપણા સાહિત્ય અને સમાજમાં ઓછું અંકાયું છે. દરેક વ્યક્તિને મન અને હૈયે મા અને બાપનુ મૂલ્ય સરખું જ હોય છે. આપણા પૂર્વજાએ યુગોથી માતા અને પિતાને એકસરખું મહત્ત્વ આપતા ગાયું છે, 'ત્વમેવ માતા, ચ પિતા ત્વમેવ....' માતાને વંદન ઘટે એમ પિતાને પણ વંદન ઘટે. મા આજ સુધી ઘરની ચાર દિવાલો વચ્ચે રહેતી એટલે બાળકને માના સંપર્કમાં આવવાનું વધુ બનતું. બાર રોટલો રળવા આખો દિવસ બહાર રહેતો એટલે એના બાળકોનાં સંપર્કમાં એ ઓછો આવતો. માટે સંતાન માટે જેટલો પ્રેમ, મમતા અને લાગણી હોય છે એટલા બાપને કદાચ નથી હોતા. એનું કારણ આપણી સમાજ વ્યવસ્થા છે. બા જીવન જીવવાનો મંત્ર આપતી રહે છે. બાપ એ જીવનને સફળ બનાવવાના પાઠ શીખવતો રહે છે. બાપ એનાં સંતાનોને એના કરતાં સવાયા બનાવવા હંમેશ ઝંખે છે. કેટલાક એવા બાપ પણ હોય છે જે પોતાના સંતાનોના સુખ માટે પોતાના સુખની અને જીવનની કુરબાની આપે છે. નાનપણમાં જેની મા ગુજરી ગઇ હોય તેવા સંતાનોનો મા અને બાપ બંનેનાં અવિરત પ્રેમ અને સાથ બાપ આપે છે. સારાય વિશ્વમાં એવા કેટલાક દાખલા જોવા મળે છે. પરિણામે મધર્સ ડે જેટલો જ મહત્વનો ફાધર્સ ડે છે. ફાધર્સ ડેની ઉજવણી બાપ પ્રત્યેનાં સંતાનોના પ્રેમ, લાગણી અને દેખભળને નવાજવાના ઉત્તમ વિચારમાંથી અસ્તિત્વમાં આવી હતી.

અમેરિકામાં ફાધર્સ ડેનો આરંભ કયારે થયો એ વિશે જુદા જુદા મંતવ્યો છે. કેટલાકને મતે એનો આરંભ ૧૯૦૮માં વેસ્ટ વર્જિનિયામાં ચર્ચની પ્રાર્થનાથી થયો હતો. કેટલાકના મતે અમેરિકાના પશ્ચિમ છેડે આવેલા વોશિંગ્ટન રાજયના વેનકુંવર શહેરમાં એનો આરંભ થયો હતો. ત્રીજા મત પ્રમાણે શિકાગોના લાયન્સ કલબના પ્રમુખ હેરી મીકના જન્મદિનના નજીકના દિવસે ૧૯૧૧ના જૂનના ત્રીજા રવિવારે ફાધર્સ ડે તરીકે ઉજવવામાં આવેલ. પરંતુ હકીકત એ છે કે અમેરિકાના પશ્ચિમ છેડે આવેલા વોશિંગ્ટન રાજયના સ્પોકાનેમાં ૧૯૦૯માં મિસિસ સોનોરા બી ડોકે (સોનારા લુઇસ સ્માર્ટ ડોડે) ફાધર્સ ડેનો આરંભ કર્યો હતો. એમના પિતા વિલિયમ જેકસન વિલિયમ જેકશન સિવિલ વોરના લડવૈયા હતા. એમના પત્ની મિસિસ સ્માર્ટ એમના છઠ્ઠા બાળકને જન્મ આપી એમનાં છ બાળકોની જવાબદારી ગામડાનાં ખેતરમાં રહેતાં મિ. સ્માર્ટને હવાલે સોંપી આ સંસારમાંથી વિદાય લીધી. એ એકાકી વિધુર બાપે મા વિહોણા છ બાળકોને માની જરાકે ખોટ ન પડવા દીધી અને બાળકો પણ અગાધ પ્રેમ અને લાગમીનો ધોધ વર્ષાવી પૂરી સંભાળ સાથે જે રીતે ઉછેર્યા એનું મહત્ત્વ મોટી ઉંમરે મિસિસ સોનોરા ડોડને સમજાયુ હતું. એક રવિવારે ચર્ચમાં 'મધર્સ ડે' વિશે પાદરીની વાત સાંભળતાં એમનાં પિતાનાં બલિદાન અને પરિશ્રમની કદર કરવા અને દરેક પિતાને સન્માનવા અને બહુમાન કરવા ફાધર્સ ડે ઉજવવાની હિમાયત કરી.

વિલિયમ જેકસન સ્માર્ટ જેવા પિતાનું સન્માન કરવા સ્પોકાનેના ચર્ચમાં પાદરી સમક્ષ એમના પિતાના જન્મદિને એટલે કે જૂન ૫ ના રોજ ફાધર્સ ડે તરીકે ઉજવવા વિનંતી કરી. પણ બે દિવસ સુધી પૂરતી તૈયારી ન થતાં જૂન ૧૮, ૧૯૦૯ના રોજ ચર્ચમાં ફાધર ડે સર્વિસ રાખવામાં આવી. એ પછી મિસિસ સોનોરા બી ડોડના પ્રયાસથી અને વોશિંગ્ટન પાદરી એસોશિએશન અને તેમની વાય.એમ.સી.એ. સંસ્થાના સહકારી જૂન મહિના ત્રીજા રવિવારે જૂન, ૧૯, ૧૯૧૦ના રોજ સ્પોકાને ફાધર ડે ઉજવી પહેલા વહેલા ફાધર્સના જાહેર સન્માનનો આરંભ થયો. ધીમે ધીમે ફાધર્સ ડેની ઉજવણી બીજા રાજયોમાં ફેલાતી ગઇ. ૧૯૧૬માં પ્રસિડન્ટ વુડરો વિલ્સને આ પ્રથાને અપનાવી. ૧૯૨૪માં અમેરિકન પ્રેસિડેન્ટ કેલ્વિન કુલીજે ફાધર્સ ડેને એક રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવવાનું નક્કી કર્યું. ૧૯૬૬માં પ્રેસિડેન્ટ લિન્ડન જહોન્સને ફાધર ડેને રાષ્ટ્રીય દિન તરીકે ઉજવવાના ખરડામાં સેનેટમાં સહી કરી ત્યારથી દર વર્ષે જૂન મહિનાના ત્રીજા રવિવારે ફાધર્સ ડે રાષ્ટ્રીય દિન તરીકે ઉજવાય છે. આ વર્ષે બરાબર સો વર્ષે આવતો આ ફાધર્સ ડે જૂનની એકવીસમીએ છે. ફાધર્સ ડેની સંવત્સરી છે. બરાબર સો વર્ષ પૂરા થાય છે એટલે જય હો ફાધર્સ ડે!

ફાધર્સ ડેના પ્રતિક તરીકે ગુલાબના ફૂલની પસંદગી કરવામાં આવી. અવસાન પામેલા પિતા માટે સફેદ અને જીવંત પિતા માટે લાલ ગુલાબ પસંદ કરવામાં આવે છે. પિતા પ્રત્યેના પ્રેમને વાંચા આપતા અનેક પ્રકારના શુભેચ્છા કાર્ડ અને નાની મોટી ભેટપિતાને આપવાની પ્રથા મધર્સ ડે જેટલી જ મહત્ત્વની બની છે. ચર્ચમાં પિતા માટે ખાસ પ્રાર્થનાઓ અને કાર્યક્રમો યોજાય છે. સંતાનો પિતાને રેસ્ટોરન્ટમાં જમવા લઇ જાય છે અથવા ઘર પાછળના યાર્ડમાં બાર્બેક્યુની લહેજત સહકુટુંબ સાથે માણે છે. 'હેપ્પી ફાધર્સ ડે' ના શબ્દોથી પિતાને નવાજવામાં આવતા પિતા અને સારું કુટુંબ ધન્યતા અનુભવે છે. પિતા પ્રત્યેનાં પ્રેમ, લાગણી, આદર અને આત્મીયતા પ્રગટ થતાં કુટુંબનાં સર્વ સભ્યો માટે આ એક ભવ્ય અને મહત્ત્વપૂર્ણ દિન બની જાય છે. ઉત્તર અમેરિકામાં શરુ થયેલ આ પ્રથા ધીરે ધીરે દુનિયાના બીજા દેશોમાં પ્રસરતી ગઇ.

પિતાનું મહત્ત્વ કુટુંબમાં મોટું અને આદરણીય છે. કુટુંબનો એ મોભ છે. મોભ તૂટી પડતાં ઘર તૂટી પડે છે. એમ પિતા વિનાનું કુટુંબ તૂટી પડે છે, વેરવિખેર થઇ જાય છે. પ્રેમ, આદર, લાગણી વરસાવનાર કે સંભાળ લેનાર કાકા, મામા, માસા કે મિત્ર જે કોઇએ પિતા તરીકે ભાગ ભજવ્યો હોય તે સૌનું ફાધર્સ ડે ના દિવસે સન્માન કરવામાં આવે છે.

ફાધર ડે વિષે વિચારતાં મારા પિતાજી પૂજાલાલ ગજ્જર મારી આંખ સામે રમી રહે છે. કેવા નમ્ર, મહેનતું, સેવાભાવી, પરગજુ અને ભગવાન રણછોડરાયના એ ભક્ત હતા! પૂજા પાઠ કરી સવારે સાત વાગે શોરોક મિલમાં જઇ સુથારી કામ કરે. સાત્રા ત્રણ વાગે મિલમાંથી છૂટી ઘરે આવી. ચા પી સાંજના ઘેર કોઇના ફર્નિચર બનાવવાનું કામ કરે કે અન્ય પ્રકારનું સુથારી કામ કરવા બહાર જાય. મોડી રાત સુધી કાળી મજુરી કરી વધારાના પૈસા કમાય. અને સૌને ભણાવા એમને જે રીતે જીવન ખર્ચી નાખ્યું એનું સ્મરણ આંખો ભીની કરી દે છે. આવા આજ આપણા સંસ્કાર દાતા ઘડવૈયા પિતાશ્રીને વંદન કરીએ.

પિતા પરમેશ્વર આપણાથી અલગ નથી, પરમાત્માએ આત્માને પોતાના જેવા જ બનાવ્યા છે, સમગ્ર માનવજાતિ પિતા પરમેશ્વરના સ્વરૂપના આધારે બનાવાઈ છે

ફાધર્સ ડે

- સંત રાજેન્દ્રસિંહજી મહારાજ

ફાધર્સ ડે એક એવો દિવસ છે જ્યારે આપણે આપણા પિતા પ્રત્યે વિશેષ સન્માન અને આભાર વ્યક્ત કરીએ છીએ. ફાધર્સ ડેને તમામ પિતા, દાદા, પરદાદા સહિતના ઘણા વ્યાપક રીતે ઊજવે છે. આ એક એવો દિવસ પણ છે જ્યારે આપણે પિતા પરમેશ્વરને યાદ કરીએ છીએ જે આપણા સૌના પરમપિતા છે.

આ દિવસે આપણે આપણા પિતાને, જે આપણને જીવનમાં જે ભેટ મળી છે, તેને હૃદયપૂર્વક યાદ કરીએ છીએ. આ એક એવો સમય પણ છે જ્યારે આપણે પિતા પરમેશ્વર પાસેથી આપણને જીવનમાં જે સફળતા મળી છે, તેને યાદ કરીએ છીએ. આ સંદર્ભમાં એક કથા છે જે આ પ્રસંગ સાથે સંબંધિત છે.

એક રાજા હતો, તેને કોઈ સંતાન નહોતાં. તે બહુ દુઃખી રહેતો હતો. કારણ કે, તેને કોઈ પુત્ર કે પુત્રી નહોતાં, જે તેના ઉત્તરાધિકારી (વારસદાર) બનીને તેના રાજ્યને સંભાળી શકે. રાજાએ પોતાના રાજ્યમાં એક જાહેરાત કરાવી. તેણે પોતાના મંત્રીઓને કહ્યું કે એ કોઈ અનાથને શોધી રહ્યાં છે, જેને તેઓ પુત્ર તરીકે અપનાવી શકે.

મંત્રીઓએ રાજાને પૂછ્યું, ''શું આપ બાળકને અપનાવવા અને તેની પસંદગી માટે કોઈ લાયકાત ઈચ્છો છો?'' રાજાએ થોડી વાર વિચાર્યું અને કહ્યું, ''હા, તમે સાચું કહો છો. આપણે કોઈ ને કોઈ માપદંડોની જરૂર છે.''

મંત્રીઓએ પોતાનાં સૂચનો આપતાં કહ્યું, ''વ્યક્તિ સુંદર હોવી જોઈએ, તે એક અમીર પરિવારની હોવી જોઈએ તથા એ એક કુલીન વંશની હોવી જોઈએ.''

રાજાએ તમામ સૂચનો અંગે વિચાર કર્યો અને એક બુદ્ધિશાળી તથા આધ્યાત્મિક વ્યક્તિની જેમ કહ્યું, ''મારા દ્વારા બાળકને અપનાવવા માટે વ્યક્તિમાં માત્ર પિતા પરમેશ્વર માટે જ નહીં, પરંતુ તેને સમગ્ર માનવજાતિ સાથે પ્રેમ હોવો જોઈએ.''

પોતાના મંત્રીઓ સાથે ઘણી વાતચીત કર્યા પછી તેને ભય હતો કે તે નિમ્ન જાતિનો, ગરીબ, સાધારણ અથવા બની શકે કે એક રાજાની જેમ તેનો વ્યવહાર હોય.

મંત્રીઓએ જાહેરાત કરી કે જે પણ રાજાનો દત્તક પુત્ર બનવા માટે અરજી કરવા ઈચ્છુક છે, એ ચોક્કસ તારીખે મહેલમાં આવી જાય. એક અનાથ ખેડૂતના પુત્રે સૂચના વાંચી અને તેને અરજી કરવાની ઈચ્છા થઈ. તેણે જ્યારે પોતાનાં કપડાં જોયાં, જે બહુ ફાટેલાં હતાં, તેણે વિચાર્યું કે તક નહીં મળે. એ જાણતો હતો કે પોતાની ક્યારેય પસંદગી નહીં થાય. કારણ કે, એ બહુ ગરીબ હતો.

એ જ સમયે ખેડૂતના પુત્રના મનમાં એક વિચાર આવ્યો. તેણે વિચાર્યું કે જો તે ઘણા કલાકો સુધી કામ કરે અને વધુ સમય સુધી પણ કામ કરે તો એ રીતે તે ઘણા રૂપિયા કમાઈ શકે છે અને નિશ્ચિત સમયમર્યાદા પહેલાં નવાં કપડાં ખરીદી શકે છે, જેના થકી તે રાજાની સામે વધુ સભ્ય દેખાઈ શકે છે.

ખેડૂતના પુત્રે રાતદિવસ મહેનત કરી, તેણે નવાં કપડાં ન ખરીદ્યાં ત્યાં સુધી મોડી રાત સુધી કામ કર્યું. હવે, તે નવાં કપડાંમાં થોડા વધુ આત્મવિશ્વાસની અનુભૂતિ રહ્યો હતો. તેણે વિચાર્યું કે પસંદગી પ્રક્રિયાની તારીખે મહેલમાં જઈશ. તેને સંપૂર્ણ વિશ્વાસ હતો કે એ પસંદગી પ્રક્રિયામાં રાજા તેને દત્તક લેવા માટે પસંદ કરી લેશે.

એ પોતાની યાત્રાએ જવા નીકળ્યો. રસ્તામાં ખેડૂતના પુત્રને રસ્તાની એક બાજુએ એક ગરીબ ભીખારી મળ્યો. એ બહુ ઠંડીનો દિવસ હતો. ખેડૂતના પુત્રે જોયું તો ભીખારી ઠંડીમાં કંપી રહ્યો હતો. એ ભીખારીને જોઈને તેને બહુ દુઃખ થયુ અને પોતાના વિષે વિચાર્યા વિના તેણે ભીખારી સાથે કપડાં બદલાવી દીધાં, જેથી તે ગરમાવો અનુભવી શકે. એ પોતાની સખત મહેનત વિશે સંપૂર્ણપણે ભૂલી ગયો હતો. એક પ્રેમાળ અને સંભાળ રાખનારો યુવાન હોવાને કારણે તેણે તરત ભીખારીની મદદ કરવા માટે પોતાને સમર્પિત કરી દીધો. ભીખારી ખેડૂતના પુત્રથી ઘણો પ્રસન્ન હતો. બહાર ઘણી ઠંડી હતી, પરંતુ કોઈની મદદ કરીને ખુશી આપવાને કારણે યુવાનને અંદરથી ગરમાવો અનુભવાઈ રહ્યો હતો.

તેણે મહેલની દિશામાં ફરી વાર પોતાની યાત્રા શરૂ કરી.

તેને અચાનક યાદ આવ્યું કે તેણે પોતાનાં કપડાં ભીખારીને આપી દીધાં છે, જેને પહેરીને તેણે રાજાની સામે ઉપસ્થિત થવાનું હતું. એ જાણતો હતો કે ભીખારીનાં ફાટેલાં-જૂનાં કપડામાં તેનો સ્વીકાર નહીં કરાય.

તેણે નિર્ણય કર્યો કે હવે મહેલ તરફ આગળ વધવાનો કોઈ અર્થ નથી. કારણ કે, તેને આ ફાટેલાં-જૂનાં કપડાંમાં સ્વીકારવામાં નહીં આવે. તે જ્યારે પાછો આવવા માગતો હતો, ત્યારે તેણે પોતાની

જાતને કહ્યું, ''સારું, તું મહેલથી હવે બહુ દૂર આવી ગયો છે. તારે એ તરફ જવાનો વધુ પ્રયાસ કરવો જોઈએ.'' તે જ્યારે મહેલમાં પહોંચ્યો, દ્વાર પર ઊભેલા મંત્રીઓ, દરબારીઓ અને પહેરેદારોએ તેને ધ્યાનથી જોઈને પૂછ્યું, ''તું અહીં શુ કરી રહ્યો છે?''

''હું રાજાનો પુત્ર બનવા માટે અરજી કરવા આવ્યો છું.'' યુવકે કહ્યું. મંત્રીઓ અને દરબારીઓએ મશ્કરી કરીને તેનું અપમાન કર્યું.

''તું બહુ ઓછું વિચારી રહ્યો છે કે રાજા તને પોતાના પુત્ર તરીકે સ્વીકારશે. તારાં કપડાં જો. આ ફાટેલાં-જૂનાં કપડાંમાં તું રાજાના કક્ષમાં પ્રવેશ કરવા માટે લાયક નથી.'' તે જેવો પાછો વળ્યો ત્યારે અન્ય જેટલા મંત્રીઓ હતા, એ તમામ બહાર આવ્યા અને તેઓએ જોયું કે શું થઈ રહ્યું છે.

એ સમયે એક મંત્રીએ કહ્યું, ''રાજાએ આપણને કોઈને પણ રોકવા માટે ના નથી પાડી. એ વાત સાથે કોઈ નિસબત નથી કે એ દેખ